ગાંધીનગર સમાચાર

બેંકોની એસ.એમ.એસ. એલર્ટ સુવિધાના ધાંધિયા

## @ગાંધીનગર

● શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા બપોરે ૧૨.૩૦ કલાકે, સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ટ્રસ્ટનો બારમો વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાશે.

● સ્માર્ટ કિડસ નર્સરી સ્કૂલ દ્વારા સવારે ૧૧ કલાકે, સે-૧૭ ટાઉનહોલ ખાતે ડાન્સ એરાઉન્ડ ધ વર્લ્ડ થીમ ઉપર વાર્ષિકોત્સવ ઉજવાશે.

● ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા જયોતિષ શીખવવા માટેના વર્ગો સેકટર-૬ ખાતે આવેલી સરસ્વતી વિદ્યાલયમાં રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે તાલીમ વર્ગના પ્રવેશ અંગેની કાર્યવાહી અને ત્યારબાદ સાંજના ૫.૦૦ કલાકે જયોતિષનું નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવશે.

● સરકારી મધ્યસ્થ પ્રેસ કર્મચારીઓની કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી.નું સુવર્ણ જયંતિ મહોત્સવ રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે, મંડળીના કાર્યાલય ખાતે યોજાશે.

● ગાંધીનગર-ચિલોડા હાઈવે પર આવેલી રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે બપોરે ૩.૦૦ કલાકે શ્રી ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

● માતૃભાષા અભિયાન દ્વારા ઘ-૪ સર્કલે સવારે ૭.૦૦ કલાકે પુસ્તક પરબ યોજાશે.

● ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા બપોરે ૩ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલ, ચ-૫, સેકટર-૧૭ ખાતે સ્નેહમિલન સમારંભ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# મેગા વિજ્ઞાન પ્રદર્શનનું સમાપન

**વિજેતા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી નવાજવામાં આવ્યા : ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અપાયા : આશરે અઢી હજાર મુલાકાતીઓએ મુલાકાત લીધી**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સે-૧૨ ખાતે વિવેકાનંદ વિદ્યાવિહારમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા યોજાયેલ રાજયકક્ષાના વિજ્ઞાન પ્રદર્શન તથા ઓપન હાઉસનું આજે સમાપન થયું હતું. આ પ્રદર્શનમાં આશરે ૨૨૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ તથા અસંખ્ય નાગરિકોએ મુલાકાત લીધી હતી. સમાપન પ્રસંગે પ્રદર્શનમાં વિવિધ કેટેગરીમાં ભાગ લઈ વિજેતા બનનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજિત બે દિવસીય વિજ્ઞાન પ્રદર્શને શહેરમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રદર્શનમાં આશરે ૨૦૦થી વધુ લાઈવ મોડેલ્સ અને ૧૫૦થી પણ વધુ પોસ્ટર્સ રજુ કરાયા હતા. યુવા વિદ્યાર્થીઓ દ્વારા કલ્પનાશકિત અને સર્જનાત્મક અભિગમના સહારે અનેક પ્રકારની શોધ-સંશોધનો રજૂ કરતા પ્રોજેકટસ પ્રસ્તુત કરાયા હતા. આ પ્રોજેકટસમાં કૃષિ, ઉર્જા, વેસ્ટ મેનેજમેન્ટ, સ્માર્ટ સીટી, બાયોગેસ, પર્યાવરણ, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય તથા વોટર મેનેજમેન્ટ જેવા અનેક ક્ષેત્રે નવા વિચારો સાથે નવા સંશોધનો રજૂ કરી વિદ્યાર્થીઓએ મુલાકાતીઓને આકર્ષિત કર્યા હતા.

સમાપન સમારોહમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના રિસર્ચ વિભાગના ડીન ડૉ. રાજમલ જૈન તથા કેમેસ્ટ્રી વિભાગના પ્રિન્સિપાલ ડૉ. કુસુમ યાદવે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

પ્રદર્શનમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં વિવિધ કેટેગરીમાં એક થી ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંકને રૂ. ૧૫૦૦, દ્વિતિય ક્રમાંકને રૂ. ૧૦૦૦ અને તૃતીય ક્રમાંકને રૂ.૫૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી નવાજવામાં આવ્યા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)



પાટનગર ગાંધીનગરના સે-૩૦ સર્વોદય નગર હોળી ચકલા ખાતે તાજેતરમાં ગોપી મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો. સર્વોદય નગર મહિલા મંડળ આયોજીત આ આનંદના ગરબામાં સુપ્રસિધ્ધ ગાયિકા ભાવનાબેન ગોપલાણી દ્વારા જગત જનની મા જગદંબાના ગરબાની રસલ્હાણ પીરસવામાં આવી હતી. જેનો લોકોએ બહુધા પ્રમાણમાં ભકિતભાવથી લાભ લીધો હતો.

# રાયસણ પાસે કન્સ્ટ્રકશન સાઈટ પર કરંટ લાગતા યુવાનનું મૃત્યુ

**ફેબ્રીકેશનનું કામ કરતી વખતે સવારે રાંધેજાના કારીગરને કરંટ લાગ્યો હતો**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક રાયસણ ખાતે સ્થિત મહાવીર એન્કલેવ ખાતે ફેબ્રીકેશનનું કામ કરી રહેલા કારીગરને આજે સવારે કરંટ લાગ્યો હતો. અત્યંત ગંભીર હાલતમાં કારીગરને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયો હતો. ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી ઘટનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ રાંધેજા ગામમાં રહેતો ૨૫ વર્ષીય યુવાન હરીકીશન પ્રેમાભાઈ ચૌધરી ફેબ્રીકેશનને લગતું કામ કરતો હતો. રાયસણ ખાતે સ્થિત કન્સ્ટ્રકશન સાઈટ મહાવીર એન્કલેવમાં તે ફેબ્રીકેશનનું કામ કરી રહ્યો હતો. આજે સવારે પોણા નવ વાગ્યાના અરસામાં હરીકિશન મહાવીર એન્કલેવ ખાતે બ્લોક નં. ૧૧માં વેલ્ડીંગનું કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક ઈલેકટ્રીક કરંટ લાગતા તે ચોંટી ગયો હતો. હરીકિશનને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો પરંતુ ત્યાં સુધીમાં તેનું પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું. ઘટનાની જાણ ઈન્ફોસીટી પોલીસને થતા જમાદાર વિરેન્દ્રસિંહ બનાવ સ્થળે પહોંચી ગયા હતા એન મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ આરંભી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સે-૧૧માં એક ગર્ભવતી મહિલા સાથે કેટલીક મહિલાઓની ટોળી ફરી રહી છે જેમાં બાધા માનતાના નામે ભોળા નાગરિકોને ખંખેરી રહી છે. આ પ્રકારની લેભાગુ મહિલાઓ ખાસ કરીને મધ્યમવર્ગના નાગરિકોને વધુ શિકાર બનાવી રહી છે. જેનાથી તમામે સાવચેત રહેવાની જરૂર છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજે તેમના જન્મદિને કડીના ધારાસભ્ય રમેશભાઈ ચાવડાએ ટીબી વિભાગની મુલાકાત લીધી હતી. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

● તલાટીની પરીક્ષા નજીક આવતા ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં તૈયારી કરતા પરીક્ષાર્થીઓની સંખ્યા વધતી જાય છે. આ પરીક્ષામાં ૨૨૦૦ જેટલી જગ્યાઓ માટે આશરે સાડા બાર લાખથી વધુ ઉમેદવારોએ અરજી કરેલ છે.

● સે-૧૨માં યોજાયેલા મેગા સાયન્સ એકિઝબીશનમાં મોબાઈલ પ્લેનેટોરિયમ નિહાળવા ધસારો થયો હતો. જો કે સૂર્ય પ્રકાશમાં પ્લેનેટોરિયમમાં શો અસરકારક ના દેખાતો હોવાથી મલાકાતીઓને નિરાશા ઉપજી હતી.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-ચિલોડા માર્ગપર આવેલ રંગોલી ઈન્ટર નેશનલ સ્કુલનો વાર્ષિકો ત્સવ ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ ગીત, સંગીતની સાથે અદ્‌ભુત નૃત્ય રજુ કર્યા હતા. વિવિધ સુંદર કૃતિઓ જોઈ ઉપસ્થિત વાલીઓએ તાળીઓના ગળગળાટથી બાળકોને વધાવી લીધા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં શાળાના ટ્રસ્ટીઓ, શાળાના શિક્ષકો તેમજ વાલીઓ હાજર રહીને કાર્યક્રમને મનભરીને માણ્યો હતો.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે યોજાયેલ રંગોલી ઈન્ટર નેશનલ સ્કુલ દ્વારા ''નવરસ'' વાર્ષિકોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ નૃત્ય, સંગીત, સાહિત્ય અને અભિનય જેવા ભારતીય કળા સંસ્કૃતિના ઘણાં પ્રકારોના મૂળમાં રસ એ પાયાની ભુમિકા ભજવે છે. આ રસને નવ ભાગમાં વહેંચવામાં આવ્યા છે. જેમા હાસ્ય રસ, શાંત રસ, કરુણ રસ, વીર રસ, શૃંગાર રસ, રૌદ્ર રસ, અદભુત રસ, ભયાનક રસ સહિતના રસનો સમાવેશ થાય છે. શાળાના બાળકોએ તમામ નવ રસનું નિર્દેશન કરતા ડાન્સ, ડ્રામા, અને સ્કિપ્ટ રજુ કરીને સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરીને ટાઉનહોલના વાતાવરણને રસતરબોળ કરી દીધુ હતું. આ પ્રસંગે શાળાના વાર્ષિક સામયિક ''ક્ષિતિજ''નુ વિમોચન રંગોળી ગ્રુપના ચેરમેન પ્રહર અંજારિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ડો. અંજુ વર્મા દ્વારા શાળામાં વર્ષ દરમિયાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃતિઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નેહા ગુલાની અને રાજી નાયર દ્વારા કરવામાં આવ્યું હતું. મનુષ્યના જીવનના સસૌથી અગત્યના એવા નવરસ થી ભીંજાયેલો રંગોલી ઈન્ટર નેશનલ સ્કુલનો વાર્ષિકોત્સવ ઉપસ્થિત સૌ માટે યાદગાર રહ્યો હતો. આ પ્રસંગે રંગોલી ગ્રુપના મેનેજીંગ ડિરેકટર અનામિકા અંજારિયા અને શાળાના ટ્રસ્ટી પ્રણવ સોની પણ ખાસ હાજર રહ્યા હતા.




(તસવીર : કશ્યપ નિમાવત)




## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓએ રાજય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૬

સર્વ વિદ્યાલય કેલવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધો-૭ની ૩૩૫ વિદ્યાર્થની કડી સર્વ વિદ્યાલય દ્વારા આયોજીત રાજય કક્ષાના અદભૂત વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત આજે સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે-૧૨ ખાતે લીધી હતી. આ પ્રદર્શનમાં ૧૫૦ જેટલા વિવિધ મોડેલ્સના સ્ટોલની મુલાકાત લઈ દરેકની વિસ્તૃત માહિતી મેળવી હતી. આ મુલાકાતમાં વિદ્યાર્થીનીઓ સાથે શાળાના વિજ્ઞાન વિષયક શિક્ષકો જોડાયા હતા. આ મુલાકાતનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલે કર્યું હતું.

## આર.એન. પટેલ શાળામાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૬

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા દ્વારા ધોરણ-૮ના બધા જ વર્ગોની વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીગમાં મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા મિટીંગમાં વિદ્યાર્થીઓને હિતલક્ષી બાબતોનું આદાન પ્રદાન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે વાલીઓને શાળાકીય બાબતો પર ઉપયોગી અને પ્રેરક વાતો કરી હતી. જેમાં આઈએએસ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ માટેની સંસ્થામાં જોગવાઈ, ખેલકૂદના મહત્વ વિશે માહિતગાર કર્યા હતા તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને મળતા પારિતોષિક, ફી માફી અને રોકડ ઈનામની સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક પ્રકાશભાઈ પટેલે કર્યું હતું.

## બેંકોની એસ.એમ.એસ. એલર્ટ સુવિધાના ધાંધિયા

ગાંધીનગર, તા.૬

અદ્યતન ટેકનોલોજી થકી ગ્રાહકોને શ્રેષ્ઠ સુવિધા પ્રાપ્ત થાય તેવા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના પ્રયાસોમાં દેશની તમામ રાષ્ટ્રીયકૃત બેંકો કટિબધ્ધ બની છે. જેમાં ખાતેદારની સહમતીથી ખાતામાં થતા વ્યવહારની માહિતી પહોંચતી કરવા એસ.એમ.એસ.સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. આ સુવિધાનું શુલ્ક ખાતેદાર ત્રણ માસે ચુકવી દે છે છતાં પણ ખાતામાં થતા વ્યવહારના એસ.એમ.એસ. નિયમિત મળતાં ન હોવાની ફરિયાદો ઉઠી છે. જો કે જે તે બેંક દ્વારા ટેકનીકલ ક્ષતિના કારણે આમ બનવું સંભવ હોવાનું જણાવી તપાસ કરવાની હૈયાધારણ આપતા હોય છે છતાં આ બાબતે યોગ્ય તપાસ કરવાની માંગ ખાતેદારો કરી રહ્યા છે.

દેશની તમામ રાષ્ટ્રીયકૃત બેંકોમાં હવે ઓનલાઈન વ્યવહારો શકય બની ગયા છે. આધુનિક ટેકનોલોજીના સહારે વધુમાં વધુ સુવિધા ગ્રાહકોને મળી રહે તેવા આરબીઆઈના પ્રયાસો રહ્યા છે. જેમાં દરેક ખાતેદાર પોતાનો વ્યવહાર ઘેર બેઠા જોઈ શકે કે મેળવી શકે તેવી ઈન્ટરનેટ બેંકીંગ પ્રથા પણ અમલી બની છે. જો કે સાઈબર ક્રાઈમના વધતા જતા ફેલાવાથી ખાતેદારો સૌથી વધુ ચિંતીત હોય છે. જેથી રાષ્ટ્રીયકૃત બેંકોએ વ્યવહારની જાણ એસ.એમ.એસ.થી થાય તેવી શુલ્કીય સુવિધા ઉપલબ્ધ કરાવી છે. વધુમાં હવે ખાતેદારોને અપાતી તમામ સુવિધાનું શુલ્ક વસુલ કરીને શ્રેષ્ઠ અને ઝડપી કામગીરીને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે.

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા દિવ્ય શાકોત્સવ-૨૦૧૬ યોજાશે

ભાટ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા આગામી તા. ૯ ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન દિવ્ય શાકોત્સવ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે.શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની આગવી ઓળખ સમા દિવ્ય શાકોત્સવ અને ગુરુકુળ પરિવારના તમામ સભ્યો તથા સ્ટાફ મિત્રોના સ્વજનોને હળવા મળવાનો ઉત્તમ અવસર એટલે દિવ્ય શાકોત્સવ. આ ઉત્સવમાં ભાવિકોને હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક મુલાકાત

ગાંધીનગર, તા.૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ચાલતી સહ અભ્યાસ પ્રવૃત્તિ અંતર્ગત વિવિધ સ્થળોની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૭ની ૩૫૦ વિદ્યાર્થીનીઓએ રાજય મધ્યસ્થ પુસ્તકાલયની મુલાકાત લઈ પુસ્તકની આપ-લે વિભાગ, વાંચન વિભાગની માહિતી મેળવી હતી. ધો-૬ની ૨૫૦ વિદ્યાર્થીનીઓએ હેડ પોસ્ટ ઓફિસની મુલાકાત લઈ પોસ્ટ ઓફિસની કામગીરી, રેવન્યુ સ્ટેમ્પ, બચતપત્રો વગેરેની જાણકારી મેળવી હતી તથા ધો-૮ની ૩૬૯ વિદ્યાર્થીનીઓએ ફાયર સ્ટેશન તથા ૧૦૮ ઈમરજન્સી સેવાની મુલાકાત લઈ ખુબ ઊંડાણપૂર્વક આગ કઈ રીતે હોલવી શકાય તે માટેના ઉપાયો તથા તેમાં વપરાતા જુદા જુદા યંત્રોની નિદર્શન સાથે સમજૂતી મેળવી હતી.

## ચૌધરી કોલેજમાં એનએસએસની વાર્ષિક શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૬

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગરના યુનિટની વાર્ષિક શિબિર માણસાના ઈન્દ્રપુરા ગામે યોજાઈ હતી જેમાં એન.એસ.એસ.ની સ્વયંસેવિકાઓએ દરરોજ વહેલી સવારે પ્રભાત ફેરી કરીને આધ્યાત્મિક ચેતનાનો પ્રસાર કર્યો હતો. ત્યારબાદ યોગાસનો કરીને સ્વસ્થ જીવનશૈલી માટે યોગના મહત્વનો સ્વ અનુભવ કર્યો હતો. નિયમિત રીતે ગ્રામ સફાઈ કરીને શ્રમદાન દ્વારા ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આણવાનો સંનિષ્ટ પ્રયાસ કર્યો હતો. સમાપન સમારોહમાં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવિકાઓએ સ્ત્રી ભ્રૂણ હત્યા એ સભ્ય સમાજનું કલંક છે, માનવતા અને ઈશ્વર સામેનો અપરાધ છે અને સમાજની સંવેદનશીલતા પર સંશય જન્માવે તેવા વિષયને ઉજાગર કરતું એક નાટક રજૂ કરાયું હતું. જેને અંતે ડૉ. લક્ષ્મણભાઈ અવૈયા લિખિત 'દિકરી મોંઘા મૂલ'ની નામક ડોકયુમેન્ટરી ફિલ્મ ગ્રામજનોને બતાવવામાં આવી હતી. કેમ્પમાં અતિથિવિશેષ તરીકે આવેલા માણસા વિસ્તારના ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ મણિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ સેંધાભાઈ ચૌધરી અને જેસંગભાઈ ચૌધરી, પામોલના શંકરભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. સંસ્થાના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ કેમ્પના સફળ આયોજન માટે સંપૂર્ણ સહકાર આપીને શુભેચ્છા પાઠવી હતી. સમાપન કાર્યક્રમમાં એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. ભરતસિંહ રાવે ઈન્દ્રપુરા ગામના સરપંચ મંજુલાબેન ચૌધરી, ડેપ્યુટી સરપંચ વિનોદભાઈ ચૌધરી અને ઈન્દ્રપુર ગામના સહુ ગ્રામજનોનો કેમ્પના આયોજનમાં સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

# સાંઈબાબા મંદિર ખાતે ગુરુવારે મેળાનો માહોલ

**સે-૩ ખાતે આવેલ સાંઈબાબા મંદિરમાં ભક્તોની સાથે વેપારીઓ પણ મોટી સંખ્યામાં આવતા ટ્રાફિક જામના દૃશ્યો**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં એક માત્ર સાંઈબાબાનું મંદિર સેકટર - ૩ ખાતે આવેલું છે. શહેરના આ વર્ષો જુના સાંઈબાબા મંદિરમાં દર ગુરુવારે ભકતોની ભારે ભીડ જામે છે. શહેરના સેકટરોમાંથી હજ્જારો ભકતો ચાલતા બાબાના દર્શન કરવા આવે છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે. ભકતોની ભારે ભીડને લઈ શાકભાજી, પ્લાસ્ટીક તેમજ અન્ય ચીજવસ્તુના વેપારીઓ મોટી સંખ્યામાં ગુરુવારના રોજ મંદિરની આજુબાજુના રોડ પર અડીંગા નાંખી વેપાર કરે છે. આ વેપારીઓને કારણે શોંપીગ સેન્ટર પાસેથી પસાર થવુ હોય તો સ્થાનિક રહિશોને વિચાર કરવો પડે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. આ અંગે તંત્ર દ્વારા યોગ્ય કરવામાં આવે તેવું રહિશો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરના સેકટર-૩ ખાતે સાંઈ સંસ્થાન ટ્રસ્ટ દ્વારા ૨૦૦૪ માં સાંઈબાબાનું મંદિર નિર્માણ કરવામાં આવ્યું છે. એક દાયકા જુના બાબાના મંદિરમાં ગુરુવારે મોટી સંખ્યામાં ભકતો દર્શનાર્થે આવે છે. માનેલી માનતા પરિપૂર્ણ થતાં નગરના સેકટરોમાંથી ચાલતા ભકતો બાબાના દરબારમાં આવે છે. દર ગુરુવારે સેકટરમાં મેળાનો માહોલ જોવા મળે છે. સાંઈબાબાના મંદિરે ભકતો વધુ આવતા હોવાથી વેપારીઓ પણ પોતાની ચીજવસ્તુના વેચાણ અર્થે આવવા લાગ્યા છે. છેલ્લા આઠ મહિનામાં મંદિરની આસપાસ બજાર ઉભુ થવા પામ્યુ છે. જેમા શાકભાજી, ફ્રુટ, ફરસાણ, રમકડા, પ્લાસ્ટીકની બનાવટો, નાના બાળકોના કપડા, વાસણ, સહિતની વસ્તુઓનો સમાવેશ થાય છે. આ બજારને ધ્યાને લઈ આસપાસના સેકટરના રહિશો પણ હવે સે-૨૧,૨૪, અને ૭ માં જવા કરતા અહીથી ખરીદી કરવાનું ઉત્તમ માને છે. હવે સાંઈબાબાના દર્શન કરવા આવતા ભકતોની જગ્યાએ ખરીદી કરવા આવતા નાગરીકો વધુ નજરે પડે છે. નાગરીકોની ભીડને લઈ વેપારીઓ મોટી સંખ્યામાં આવે છે જેને પગલે સેકટરના આંતરિક રસ્તા પર વેપારીઓ અડીંગો જમાવી દે છે. ગુરુવારના રોજ સ્થાનિક રહીશોને વાહન લઈને પસાર થવું હોય તો પણ વિચાર કરવો પડે છે અને માર્ગ પર ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. તો બીજીતરફ મંદિરની આસપાસ ઝુંપડાધારકોએ અસહ્ય ગંદકી કરીને મંદિરની ગરિમાને નુકશાન પહોંચાડી રહ્યા છે. ત્યારે ગુરુવારે મંદિરની આસપાસ ના માર્ગ પર બેસતા વેપારીઓને તંત્ર દ્વારા યોગ્ય પાઠ ભણાવવામાં આવે તેવું સ્થાનિક રહિશો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં વાહનોની સંખ્યામાં વધારો થઈ ચુકયો છે, સાથે પાર્કિંગની પણ સમસ્યા વધી રહી છે તેમજ વાહનચાલકો પણ થોડી આળસ માટે પોતાના વાહનોને રસ્તા પર મુકી જતા રહે છે તેવા નાગરિકોને પાઠ ભણાવવા ટ્રાફિક પોલિસ દ્વારા સ્થળ પર 'લૉક' કરી દંડ ભરવાની કાર્યવાહી સેકટર-૨૯/૨૨ પાસે ગઈકાલે હાથ ધરવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા નિકુલસિંહ રઘુવીરસિંહ, ઉ.વ. ૨૯
- સ્વ. જગદીશભાઈ કાન્તીલાલ ભટ્ટ, ઉ.વ. ૬૩